# ઘેર બેઠાં ઈન્ટરનેટ ધ્વારા ઓનલાઈન રીઝર્વેશન સીસ્ટમથી E-Ticketing માટેની માર્ગદર્શિકા

મુસાફરે E-Ticketing ધ્વારા ઘેર બેઠાં ઈન્ટરનેટ ધ્વારા નિગમની એકસપ્રેસ / ગુર્જરનગરી / લકઝરી / સ્લીપર / એ.સી. સર્વિસોનું ઓનલાઈન રીઝર્વેશન કરવા માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- www.gsrtc.in વેબ સાઈટ પર લોગ ઈન કરવું
- જો તમારૂં યુઝર હોય તો લોગઈન થવું જો યુઝર ના હોય તો જાતે યુઝર બનાવવું
- યુઝર બનાવવા માટે www.gsrtc.in વેબ સાઈટ પર જઈને Create an account પર કલીક કરવી જેથી મેમ્બર રજીસ્ટ્રેશન માટેનું ફોર્મ ખુલશે. તેમાં યુઝરનેમ, પાસવર્ડ..... જેવા ડેટા ભરીને **Register** બટન પર કલીક કરીને રજીસ્ટ્રેશન કરાવવું
- ત્યારબાદ યુઝરનેમ, પાસવર્ડ નાંખીને લોગઈન થવું લોગઈન થયા બાદ મેનુંમાંથી ટ્રાન્ઝેકશન સીલેકટ કરવું.

| | | |
|---|---|---|
| (૧) | ઈ–ટિકિટ બુકીંગ | ઈ–ટિકટ બુક કરવા માટે |
| (૨) | ઈ–ટિકિટ કેન્સલેશન | ઈ–ટિકિટનું કેન્સેલેશન કરવા માટે |
| (૩) | મોડીફાય પ્રોફાઈલ | પ્રોફાઈલમાં ફેરફાર કરવા માટે |
| (૪) | વ્યુ ઈ–ટિકિટ બુકીંગ હિસ્ટ્રી | ટિકિટ કરાવેલ હોય તો તેની વિગત અને ફરીથી ટિકિટની પ્રિન્ટ કાઢવા માટે |
| (૫) | ચેન્જ પાસવર્ડ | પાસવર્ડ ચેન્જ કરવા માટે |

- ઈ–ટિકિટ બુકીંગ પર કલીક કર્યાબાદ સ્ક્રીનમાં ઓરીજીન પ્લેસ તથા ડેસ્ટીનેશન પ્લેસના ખાનામાં મુસાફરીના શરૂઆતના સ્થળના અને પહોંચવાના સ્થળના અમુક શબ્દો લખવા અને **Get Place** બટન પર કલીક કરવું.
- ત્યારબાદ મુસાફરે ઈ–ટિકિટ એક તરફીની કરવી છે કે રીટર્ન તે સીલેકટ કરવું.
- તેજ પ્રમાણે મુસાફરીની તારીખ, મુસાફરીનો શરૂઆતનો સ્થળ, પહોંચવાનું સ્થળ, કેટલા મુસાફરો (સ્ત્રી/પુરૃષ) અને આખી કે અડધી ટિકિટ જેવી વિગતો ભરીને **Search Services** બટન પર કલીક કરવી.
- સ્ક્રીન પર સર્વિસ ટ્રીપનું લીસ્ટ આવશે. સદર લીસ્ટમાંથી એક ટ્રીપ સીલેકટ કરવી. જો રીટર્ન ટ્રીપ કરેલી હશે તો જતા અને આવતા બંનેના લીસ્ટમાંથી અલગ અલગ બે ટ્રીપો સીલેકટ કરવાની રહેશે.
- સદર ટ્રીપની સામે **Detail** બટન ઉપર કલીક કરવાથી ટ્રીપની વિગતો જેવીકે, શરૂઆતનું સ્થળ, પહોંચવાનું સ્થળ, ટ્રીપ કોડ, મુસાફરીના કલાકો, મુસાફરીના કી.મી., ખાલી બેઠકો, આખી ટીકીટનું ભાડુ, અડધી ટીકીટનું ભાડુ, કેટલા વાગે ઉપડશે અને કેટલા વાગે પહોંચશે જેવી વિગતો બતાવશે.
- સીટ લેઆઉટમાંથી સીટ સીલેકટ કરવાની રહેશે. એટલે કે જો બે ટિકિટ લેવાની હશે તો બે સીટ પર કલીક કરવાની રહેશે, અન્યથા ટિકિટ બનશે નહીં. જો રીટર્ન ટ્રીપ કરેલ હશે તો બીજું લેઆઉટ બતાવશે તેમાં પણ તેજ પ્રમાણે સીટ સીલેકટ કરવાની રહેશે.
- પેસેંન્જર ડીટેલમાં પીક અપ પોઈન્ટ, ડ્રોપ ઓફ પોઈન્ટ સીલેકટ કરવાના રહેશે. અને મુસાફરની બાકીની જરૂરી માહીતી ભરવાની રહેશે. જેવી કે, ઉંમર, પુરૃષ/સ્ત્રી, એડલ્ટ/ચાઈલ્ડ, આઈ.ડી.કાર્ડ ટાઈપ, આઈ.ડી. કાર્ડ નંબર.
- સઘળી વિગત ભર્યા બાદ **Submit** બટન પર કલીક કરવાથી ટિકિટની રકમનું સ્ક્રીન બતાવશે.
- પેમેન્ટ ગેટ વે ની શરતોને આધીન પેમેંન્ટ ગેટ વે નું ઓપ્શન સીલેકટ કરવાનું રહેશે. જેમાં એકસીસ બેન્ક બટન પર કલીક કરીને **Make Payment** બટન પર કલીક કરવી.
- ત્યારબાદ જી.એસ.આર.ટી.સી.ની ટિકિટનો રેફરન્સ નંબર ડીસ્પ્લે થશે. તેને નોંધી લેવો.
- એકસીસ બેન્કના વીસા તથા માસ્ટર કાર્ડમાંથી એક ઓપ્શન પસંદ કરીને આગળ વધવું.
- ત્યાર બાદ એકસીસ પેમેન્ટ ગેટ વે માટે ડેબીટ/ક્રેડીટ કાર્ડની વિગતો નાખીને **Pay** બટન પર કલીક કરવી.
- સદર સઘળી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઈ–ટિકિટ/ રીઝર્વેશન વાઉચર બતાવશે. તેની પ્રિન્ટ કાઢવાની રહેશે. સદર પ્રિન્ટ કાઢવામાં મુશ્કેલી પડે તો વ્યુ ઈ–ટિકિટ બુકીંગ હિસ્ટરીના મેનુમાં જઈને ફરીથી પ્રિન્ટ આઉટ કાઢી શકાય.